:थमाला.

ग्माऽवलिः)

सा च

कौशिकग्रथिता

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।

तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ श्वेताश्वतर ॥

शिवे रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न शंकरः ।

तस्मात्सर्वप्रयत्नेन श्रीगुरुं तोषयेन्नर ॥ देवीगीता ॥

दृष्टान्तो नैव दृष्टस्त्रिभुवनजठरे सद्गुरोर्ज्ञानदातुः ॥ शंकर ॥

मुंबय्यां

जावजी दादाजी इत्येतेषां निर्णयसागर-
मुद्रायन्त्रे मुद्रितमेतत्पुस्तकम्.

विक्रमाब्दाः १९५०.—ख्रिस्ताब्दाः १८९४.

ॐ श्री

श्रीगणेशाय नमः

मातुरुपकारनिवेदनम्.

मिश्रवृत्तम्.

शिक्षार्थं मां नृहरिचरणांभोजसामीप्यनेत्री
छोटालाल! त्वमसि जननी पुत्रकल्याणकर्त्री ।
त्वन्नेत्रस्तनपुष्टकौशिकशिशोस्तातप्रशंसामयान
स्वादुक्षीरयथेष्टपानमधुरान जल्पानिमान् संशृणु ॥१॥

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

"રે વ્હાલા હકીલા સૂનુ! શું ભ્રમતો તું વ્યર્થ માર્ગોવિષે,
આણી સાન તું તાતપાસ ચલ ત્યાં મસ્તી બધી ભલશે,"
એવાં વેણ વદી નૃસિંહચરણાંભોજે શિશુ દોરતી
છોટાલાલસુમાતૃપાદકમલે અર્પું નતિસંતતિ;
તાતપ્રસ્તુતિપૂર્ણ નેત્રસ્તનના ઓજઃપયઃપાનથી
માતા! કૌશિકના પ્રલાપ મધુરા આ શુણુ વાત્સલ્યથી.

૫૬૮૧

ॐ श्री

श्रीनृसिंहस्तुतिपद्यमाला.

(प्रथमाऽवलिः)

आसक्तं दिक्षु सर्वासु नृसिंहो मामपातकम् ।
मुक्तं सर्वाभिराशाभिः कुर्याद्भानुस्तमो यथा ॥ २ ॥

જેમ સૂર્ય સર્વ દિશામાં પ્રસરેલા અંધકારને સર્વ દિશાથી મુક્ત કરે છે તેમ શ્રીનૃસિંહ મને પાપરહિત તથા સર્વ આશાથી મુક્ત કરો.

सकलोपाधिभिर्मुक्तं ज्ञानदृङ्मात्रगोचरम् ।
महेश्वरस्वरूपं तं श्रीनृसिंहं गुरुं भजे ॥ ३ ॥

સર્વ ઉપાધિથી વર્જિત, જ્ઞાનદૃષ્ટિથીજ જણાય એવા, મહેશ્વરસ્વરૂપ શ્રીનૃસિંહ ગુરુને ભજું છું.

यस्य कृपाप्रभावेण यात्यन्तं क्लेशपञ्चकम् ।
पादामृतरसैर्यस्य क्षाल्यन्ते मलिना जनाः ॥ ४ ॥
अजस्रं वाहिभिस्तेजोराशिभिर्धौतहृन्मलम् ।
सततं ज्ञानवृष्टिं च वर्षन्तमपि नूतनम् ॥ ५ ॥
मौलिभूतं ब्रह्मविदामीशानं च महात्मनाम् ।
कल्पवृक्षं च भक्तानां सद्गुरुं प्रणतोऽस्म्यहम् ॥ ६ ॥

જેમની કૃપાના માહાત્મ્યથી અવિદ્યાદિ પંચ કલેશની નિવૃત્તિ થાય છે, જેમના પાદામૃતના રસથી મલિન માણસોનું પ્રક્ષાલન થાય છે; નિરંતર વહતા તેજના પુંજથી જે હૃદયનો મલ ધોયછે

અને નિરંતર જ્ઞાનની વૃષ્ટિ કરતા છતાં પણ જે નવીન રહે છે; એવા બ્રહ્મવેત્તાશિરોમણિ, મહાત્માઓના અધિપતિ, તથા ભક્તોના મનોરથને પૂર્ણ કરનાર કલ્પવૃક્ષરૂપ શ્રીસદ્ગુરુને પ્રણામ કરું છું.

विरागालंकृताः पार्श्वे यस्य तिष्ठन्ति मानवाः ।
अन्ये तु प्राकृता जीवाः संसाराब्धौ भ्रमन्ति ते ॥७॥
पूर्वोक्ता धीयुताः शिष्या उत्तमा अधिकारिणः ।
ज्ञानपानं यथेष्टं ते कर्तुं शक्ताः सुनिश्चयाः ॥ ८ ॥
अविद्यासुदृढग्रन्थींश्छिन्दन्तीमे सुभागिनः ।
संसारे न पुनस्तेषां जननं मरणं तथा ॥ ९ ॥
निर्भया वीतशोकाश्च त्यक्तमोहा अकामिनः ।
विष्णोस्ते सुपदं प्राप्य मोदन्ते सुखसागरे ॥ १० ॥

જેમના સમીપ વિરાગથી શોભતા સાધકો વસે છે, અને બીજા અસંસ્કૃતમતિવાળા જીવો તો સંસારસમુદ્રમાં ભ્રમણ કર્યા કરે છે;

પૂર્વોક્ત બુદ્ધિમાન્, ઉત્તમ અધિકારી, અને દૃઢનિશ્ચયવાળા શિષ્યો તો પોતાની ઇચ્છાનુસાર જ્ઞાનપાન કરવાને સમર્થ છે;

તે સુભાગી શિષ્યો અવિદ્યાની દૃઢ ગાંઠને છેદે છે અને સંસારમાં તેમને પુનઃ જન્મમરણ હોતાં નથી;

ભયરહિત, શોકાતીત, મોહવર્જિત અને નિષ્કામ—એવા તે સાધકો વિષ્ણુનું શ્રેષ્ઠ પદ—મોક્ષ પામી સુખસમુદ્રમાં આનંદપૂર્વક રહે છે.

यो दिव्याङ्गो विमलमहसा राजते श्रीनृसिंहः
लोकान् मग्नांस्तमसि च नयत्यर्कवद् यः प्रकाशम् ।
यद्गात्रेभ्यो वहति सततं पावनौजःप्रवाहः
भद्रं भूयो वितरतु दयापूर्णसिन्धुः सदा सः ॥११॥

જે દિવ્યતનુવાળા શ્રીનૃસિંહ વિમલ પ્રભાથી શોભે છે, અજ્ઞાનરૂપ અંધકારમાં મગ્ન થયલા લોકોને જે જ્ઞાનરૂપ પ્રકાશ આપે

છે, જેમના અંગમાંથી નિરંતર પુણ્ય સત્ત્વનો પ્રવાહ ચાલ્યાં કરે છે તે દયાસાગર શ્રીનૃસિંહ સદા બહુ કલ્યાણ કરો.

ब्रह्मनिष्ठं जगद्वंद्यं गीर्वाणासुरपूजितम् ।
अनंतैश्वर्यसंपन्नं ब्रह्मविद्वृंदनायकम् ॥ १२ ॥

जीवन्मुक्तिसुखांभोधिपानेनोन्मत्तमानसम् ।
कर्मालिप्तस्वरूपं च डिंभवत् समदर्शिनम् ॥ १३ ॥

सत्यं सत्यं चितिघनतनुं जीवतापत्रयारिं
ज्ञेयं ध्येयं सुखरसनिधिं हृत्सरोजद्युरत्नम् ।
इष्टं पूज्यं नरहरिगुरुं सर्वकामप्रदं च
विश्वाधारं विमलवपुषं विश्ववंद्यं नमामि ॥ १४ ॥

બ્રહ્મનિષ્ઠ, જગતથી વંદવા યોગ્ય, સુર અને અસુરથી પૂજાયલા, અપરિમિતમહિમાવાળા, બ્રહ્મને જાણનારના સમૂહમાં શ્રેષ્ઠ, જીવન્મુક્તિના સુખના સાગરના પાનથી જેમનું મન ઉન્મત્ત થયું છે એવા, કર્મથી જેમનું સ્વરૂપ અલિપ્ત છે એવા, બાલકની પેઠે સમદૃષ્ટિ રાખનારા, સત્તાસ્વરૂપ, ચિન્મયસ્વરૂપવાળા, જીવના ત્રિતાપને શમાવનારા, જ્ઞેયધ્યેયરૂપ, સુખરસના ભંડારરૂપ, હૃદયકમલમાં પ્રકાશતા સૂર્યરૂપ, ઇષ્ટ, ઉપાસ્ય, સર્વ કામનાને પરિપૂર્ણ કરનારા, વિશ્વના આધારરૂપ, નિર્દોષસ્વરૂપવાળા, વિશ્વથી નમસ્કાર કરવા-યોગ્ય શ્રીનૃસિંહગુરુને નમું છું.

योगीशं विमलप्रभं च निगमप्रोक्तस्वरूपं परं
चिन्मात्रं ततसर्वभूतविषयं सन्मात्रमूर्त्तिं गुरुम् ।
विश्वव्यापिनमाश्रितेष्टफलदं चानंदमात्रोदधिं
सत्त्वाद्यै रहितं मुमुक्षुवरदं श्रीमन्नृसिंहं भजे ॥ १५ ॥

યોગિઓના ઈશ, વિમલકાન્તિવાળા, વેદાંતથી જેમનું સ્વરૂપ વેદ્ય છે એવા, સૌથી શ્રેષ્ઠ, ચિદ્ઘન, સર્વ પ્રાણિપદાર્થમાં વ્યાપી રહેલા, સત્તાસ્વરૂપ, વિશ્વવ્યાપી, પોતાનો આશ્રય લેનાર મનુષ્યના

ઇષ્ટ ફલને આપનારા, આનંદૈકરસસમુદ્રરૂપ, સત્ત્વાદિ ત્રિગુણથી અતીત, મુમુક્ષુ જનના વરને આપનારા શ્રીમન્નૃસિંહગુરુને ભજું છું.

प्रौढप्रभानिकरधिकृतभानुकोटिम्
पीयूषशीतकिरणैर्जितकोटिचन्द्रम् ।
छत्रं च साधकभवातपनाशकं तं
वन्दे नृसिंहपरपावनदृष्टिपातम् ॥ १६ ॥

પોતાના પ્રૌઢ તેજના સમૂહથી જેણે કોટિ સૂર્યની વિડંબના કરી છે, અમૃતસમાન શીત કિરણથી જેણે કોટિ ચંદ્રને હરાવ્યા છે, અને જે સાધકના સંસારતાપને નિવારનાર છત્રરૂપ છે તે શ્રીનૃસિંહના શ્રેષ્ઠ અને પુણ્ય દૃષ્ટિપાતને નમું છું.

शिवसुदर्शनभृद्विधिपूजितम्
अदितिजैर्दितिजैर्भृशमर्चितम् ।
वृजिनवृक्षविदारविचक्षणम्
नृहरिदेवपतिं विमलं भजे ॥ १७ ॥

શિવ, સુદર્શનને ધરનાર વિષ્ણુ, તથા બ્રહ્માથી પૂજાયલા, દેવતાથી અને દૈત્યથી બહુ સેવાયલા, પાપના વૃક્ષને ફાડવામાં કુશલ તથા દોષરહિત એવા દેવેશ શ્રીનૃસિંહને ભજું છું.

परमात्मनो विश्वरूपित्वेन कथनम्.

ब्रह्मा त्वं विश्वसृट् त्वं च विष्णुर्भुवनपालकः ।
सर्वसंहारकृत्त्वं च शंभुरुद्रादिसंज्ञितः ॥ १८ ॥

વિશ્વની સૃષ્ટિ કરનાર બ્રહ્મા આપ છો; વિશ્વનું પાલન કરનાર વિષ્ણુ પણ આપ જ છો; અને "शंभु, रुद्र" આદિ સંજ્ઞાથી ઓળખાતા સર્વનો સંહાર કરનાર ઈશ પણ આપ જ છો.

त्वं सूर्यो जगतां चक्षुस्त्वं चन्द्रो नेत्रनन्दनः ।
इन्द्रस्त्वं सर्वगीर्वाणप्रभुर्देवाधिपः श्रुतः ॥ १९ ॥

જગતના લોચનરૂપ સૂર્ય પણ આપનું સ્વરૂપ છે; નેત્રને

આનંદ આપનાર ચન્દ્ર પણ આપ જ છો; અને "देवाधिप" આદિથી ઓળખાતો સકલ દેવતાનો પતિ ઇન્દ્ર પણ આપ છો.

वरुणो जलपत्याद्यैर्नामभिः परिकीर्तितः ।
कुबेरस्त्वं त्रिनेत्रस्य सखेति कथितो बुधैः ॥ २० ॥

"जलपति" આદિ નામથી પ્રસિદ્ધ વરુણ દેવ, તથા "त्र्यंबकसखा" આદિ નામોથી ઓળખાવાતો કુબેર પણ આપ જ છો.

ब्राह्मणो वेदपाठी त्वं सर्वशास्त्रसमन्वितः ।
क्षत्रियो राज्यदक्षस्त्वं युद्धभारधृतिक्षमः ॥ २१ ॥

વેદનું પઠન કરનાર અને સર્વશાસ્ત્રસંપન્ન બ્રાહ્મણ પણ આપ છો; રાજ્ય કરવામાં નિપુણ અને યુદ્ધના ભારનું વહન કરવામાં સમર્થ ક્ષત્રિય પણ આપ જ છો.

वैश्यस्त्वं नैगमां विद्यां जानन् कौशल्यलक्षितः ।
शूद्रस्त्वं च निषादस्त्वं सर्वेषां कार्यतत्परः ॥ २२ ॥

વ્યાપારવિદ્યાને જાણનાર કૌશલ્યયુક્ત વૈશ્ય આપ છો; અને સર્વની સેવામાં તત્પર એવા શૂદ્ર તથા નિષાદની બુદ્ધિના પ્રેરક પણ આપ છો.

त्वं सखा त्वं च शत्रुस्त्वं निर्घृणश्च दयानिधिः ।
सद्गुणानां गणैर्युक्तो दुर्गुणागारमेव च ॥ २३ ॥

વિવિધ ઉપાધિવશાત્ આપ જ "મિત્ર" "શત્રુ" "ક્રૂર" "દયાનિધિ" "સદ્‌ગુણગણયુક્ત" "દુર્ગુણાગાર" એ આદિ વિશેષણોથી ઓળખાઓ છો.

त्वं पृथ्वी गन्धभिन्ना त्वं त्वमापो रसलक्षिताः ।
रूपावच्छिन्नतेजस्त्वं स्पर्शात्मा त्वं च मारुतः ॥ २४ ॥

ગંધથી લક્ષિત પૃથ્વીતત્ત્વ આપ છો; રસ જેનો ગુણ છે એવું જલતત્ત્વ આપ છો; રૂપ એ ગુણથી યુક્ત તેજસ્તત્ત્વ આપ છો અને સ્પર્શથી વેદ્ય વાયુતત્ત્વ આપ છો.

शब्दमयं त्वमाकाशमतिसौक्ष्म्येन लक्षितम् ।
पंचभूतप्रभावेण ततं हि सकलं त्वया ॥ २५ ॥

શબ્દરૂપ ગુણવાળું અતિસૂક્ષ્મ આકાશ પણ આપ છો; આ પ્રમાણે પંચભૂતના મિષથી આપ જ સકલ વિશ્વમાં વ્યાપી રહ્યા છો.

(विषयाणां हेयत्वस्य परमात्मन उपा-
देयत्वस्य कथनम्)

निःसारा असुराः सुराश्च सकलाः संसारसिन्धौ सदा
भोगा भोजनभामिनीप्रभृतयो भुञ्जन्ति ते भस्मताम् ।
कीर्तिः काकिणिका कुलं च कनकं कारागृहं कामिनाम्
निर्नाशस्तु नरैर्नमस्यनृहरिर्निर्नाथनाथो नवः ॥ २६ ॥

આ સંસારસમુદ્રમાં સકલ સુરપદ અને અસુરપદ સદા નિઃસાર હોવાથી હેય છે; ભોજનથી ઉપલક્ષિત જ્ઞાનેંદ્રિયના વિષયો અને સ્ત્રીથી ઉપલક્ષિત કર્મેંદ્રિયના વિષયો ભસ્માવસ્થાને પામે છે; કીર્તિપાછળ પુરૂષાર્થ કરવો એ કોડી સ્હાવાબરાબર છે; કુલાભિમાન અને ધનાભિમાન કામિજનને કારાગૃહસમ થઈ પડે છે; પણ નાશરહિત, મનુષ્યોએ વંદવા યોગ્ય, અનાથના નાથ, તથા અવિકારી એક નૃસિંહ જ છે.

विषयविनाशित्वकथनम्.

श्लिष्टं श्लिष्टं पुनरपि पुनो भीरुकण्ठं ततः किं
दृष्टं दृष्टं पुनरपि पुनः पुत्रवक्त्रं ततः किम् ।
भुक्तं भुक्तं पुनरपि पुना रत्नवृन्दं ततः किं
नष्टो नष्टो निखिलनिकरस्त्यक्तकाये तु जीवे ॥ २७ ॥

ભયભીત મુગ્ધાના કંઠનું વારંવાર આલિંગન કરવાથી શો અર્થ સર્યો? પુત્રનું મુખ વારંવાર જોયાં કરવું એથી શો લાભ?

---

१ भोजनादयो ज्ञानेन्द्रियविषया भामिन्यादयः कर्मेन्द्रियविषयाः.

રત્નના ભંડારને ભોગવવો એથી શું વળ્યું? કારણ કે જ્યારે જીવ કાયાને ત્યજી જાય છે ત્યારે એ સમગ્ર સમૂહ નાશ પામે છે.

पुष्टः पुष्टः पुनरपि पुनः स्वाभिमानस्ततः किं
हृष्टं हृष्टं पुनरपि पुनर्वृद्धिकाले ततः किम् ।
शिष्टं शिष्टं पुनरपि पुनर्भृत्यचक्रं ततः किं
नष्टं कृत्स्नं झटिति रथिनि स्यन्दनान्मुक्तमोहे ॥ २८ ॥

વારંવાર પોતાના અભિમાનને વધારવું એમાં શો સાર? સંપત્તિસમયે હર્ષ ધરવો એથી શું થયું? બહુસેવકઉપર આજ્ઞા વર્તાવવી એથી શું? કારણ કે જ્યારે આ જીવરૂપી રથી શરીરરૂપ રથમાંથી પ્રેમ છોડે છે ત્યારે બધું ઝટ નાશ પામે છે.

छिन्नाश्छिन्ना मरणसमये भोगनिःशेषबन्धाः
भिन्ना भिन्ना निधनसमये कामनाः कामभाजाम् ।
खिन्नाः खिन्ना विकटसमये वक्त्रचन्द्राः समंतात्
नष्टं नष्टं निखिलभुवनं त्यक्तनीडे विहंगे ॥ २९ ॥

મરણસમયે ભોગોની સર્વ ગાંઠો છેદાઈ જાય છે; મૃત્યુસમયે કામી મનુષ્યની કામનાઓ ભેદાઈ જાય છે; દેહ છુટવાના વિકટ સમયે આસપાસના સંબંધિઓના મુખચંદ્રો ગ્લાનિ પામે છે; જ્યારે જીવરૂપ પક્ષી શરીરરૂપ માળાને છોડે છે ત્યારે આખું ભુવન શૂન્ય ભાસે છે.

नष्टा नष्टा निधनसमये स्तंभमाला समूला
नष्टा नष्टा निधनसमये द्वाररूपा गवाक्षाः ।
नष्टा नष्टा निधनसमये भित्तयश्चर्मरूपाः
नष्टं नष्टं गृहिणि सकलं वेश्मनस्त्यक्तरागे ॥ ३० ॥

મરણસમયે હસ્તપાદરૂપ સ્તંભસમૂહ પડી જાય છે; મરણસમયે શરીરની નવદ્વારરૂપ બારીઓ દેવાઈ જાય છે; મરણસમયે ચામડીરૂપ ભીંતો ત્રુટી પડે છે; જ્યારે જીવરૂપ ગૃહસ્થ આ શરીરરૂપ ગૃહનો સંબંધ છોડે છે ત્યારે સઘળું નાશ પામે છે.

प्रश्नोत्तरैः स्वस्वरूपनिर्णयः.

कस्त्वं ? देहो जननमरणैर्वेष्टितः कथ्यतेऽसौ
प्राणस्तोमो रहित उदितः संविदा संप्रसादे ।
बुद्धिश्चित्तं जडिमसहिते ते श्रुतेः सुप्रमाणात्
आ आ ज्ञातं जडिमरहितश्चित्स्वरूपो ध्रुवोऽहम् ॥ ३१ ॥

(गुरु) तું કોણ છે? (शिष्य) હું દેહ છું. (गुरु) દેહને તો જન્મમરણથી બદ્ધ કહેલો છે. (शिष्य) ત્યારે હું પ્રાણપંચક છું. (गुरु) તે પણ સુષુપ્તિમાં ચૈતન્યથી રહિત હોય છે. (शिष्य) ત્યારે હું બુદ્ધિ અથવા ચિત્ત હોઈશ. (गुरु) એ બે પણ શ્રુતિના યુક્તિસંમત પ્રમાણથી જડ છે. (शिष्य)હા હા! સમજ્યો. હું તો જડત્વરહિત, ચૈતન્યસ્વરૂપ, નિત્ય બ્રહ્મ છું.

संसारपङ्के गुरुपादपङ्कजं
वरं शरण्यं पतितस्य मे खलु ।
तच्छ्रेयसां निःश्रयिणी हि दुर्लभा
यमातिगा यामधिरूढधीयुताः ॥ ३२ ॥

સંસારપંકમાં પડેલો હું—તેનું ઉત્તમ શરણ ગુરુચરણપદ્મ છે, જે ચરણપદ્મ મોક્ષને પ્રાપ્ત કરાવનારી દુર્લભ નિસરણીરૂપ છે, જેના ઉપર ચઢતા બુદ્ધિમાન્ પુરુષો યમના રાજ્યનું—મરણનું અતિક્રમણ કરે છે અર્થાત્ અમૃત થઈ રહે છે.

प्रभुः सच्चिद्रूपोऽप्रचलितमनःस्थः सुवरदो
ध्रुवोऽनित्येषु त्वं सुरवरगिरा स्तुत्यमहिमा ।
समग्रान्तर्यामी वदनशतकस्याऽप्यविषयो
निधिर्ज्ञानस्य त्वं दुरितहररसं[1] वर्षसि गुरो ॥ ३३ ॥

સચ્ચિત્સ્વરૂપ પ્રભુ, સ્થિર ચિત્તમાં સ્થિતિ કરનાર, શુભ વરને આપનાર, અનિત્ય વસ્તુમાં નિત્ય વસ્તુ, શ્રેષ્ઠ દેવતાઓ જેમના મહિમાનું સ્તવન કરે છે એવા, સર્વના અંતર્યામી, શતવ-

[1] पापविनाशकं बोधरसम्.

દનથી પણ ન વર્ણી શકાય એવા, જ્ઞાનના નિધિ આપ ગુરો! પાપને હરનાર બોધરૂપ રસને વર્ષાવો છો.

अविद्यापानीये भयमयतरंगे विषमये
समुद्रेऽस्मिन् मग्नं विषमविषयग्राहगहने ।
अनाथं दृष्ट्वा मां सदयहृदय त्वं नरहरे!
कृपादृष्ट्योद्धृत्य स्वचरणरसं पायय विभो ॥ ३४ ॥

અવિદ્યા જેમાં જલરૂપ છે, ભય જેમાં તરંગરૂપ છે, જે વિષથી પૂર્ણ છે, તથા કુત્સિત વિષય જેમાં મકરરૂપ હોવાથી જે ગહન છે એવા સંસારસમુદ્રમાં ડુબી ગયલા આ જીવને અનાથ જોઇને તેનો હે દયાપૂર્ણ હૃદયવાળા વિભુ નૃસિંહ! કૃપાદૃષ્ટિથી ઉદ્ધાર કરી આપના ચરણરસનું પાન કરાવો.

अभयवरदं शिष्याधीनं प्रभुं धिषणातिगं
हृदयकमले ध्यानस्फारे विभान्तमहस्करम् ।
मुनिभिरमितैर्यत्नैर्दृष्टं च संस्कृतचक्षुषा
चितिजलमुचं विश्वात्मानं नृसिंहगुरुं भजे ॥ ३५ ॥

અભયવરને આપનારા, શિષ્યને અધીન વર્તનારા, બુદ્ધિથી અગ્રાહ્ય સ્વરૂપવાળા પ્રભુ, અપાર પુરુષાર્થવડે મુનિઓથી શુદ્ધજ્ઞાનલોચને ધ્યાનથી વિકસિત હૃદયકમલમાં પ્રકાશતા સૂર્યરૂપે જોવાતા, જ્ઞાનને વર્ષાવનાર મેઘરૂપ, જગદાત્મરૂપ શ્રીનૃસિંહ ગુરુને ભજું છું.

श्रीनृसिंहप्रभावकथनम्.

त्वत्पादाम्बुजयुग्मसेवनविधिस्पर्शातिभास्वत्कराः
त्वद्दिव्यापघनावलोकनदृढीभूतप्रकाशेक्षणाः ।
ध्यानाखंडितवेगमुद्रिततनुप्रेक्षोच्छ्वसन्मानसाः[1]
निष्पापाः प्रविशन्ति शान्तिसदनं श्रीमन्नृसिंहाश्रिताः॥३६॥

---

१ भ्रूमध्यस्थद्विदलपद्मे ध्यानस्य तैलधारावदखंडितप्रवाहवशात्तत्र कल्पितनिवासानां श्रीगुरूणां मूर्तिदर्शनेन विकसितं मानसपद्मं येषां ते.

આપના પાદપદ્મયુગલના સેવનના સમયે થતા સ્પર્શથી જેમના હાથનાં તળિયાં ઉજ્વલ થયાં છે, આપના દિવ્ય તનુના અવલોકનથી જેમનાં નેત્રઉપર તે તનુની પ્રભા સંલગ્ન થઈ રહી છે, અને ધ્યાનકાલે તૈલધારાવત્ અખંડવેગવશાત્ પ્રતિબિંબિત થયલી આપની મૂર્ત્તિના દર્શનથી જેમનું ભ્રૂમધ્યસ્થ માનસપદ્મ વિકસિત થયું છે એવા આપ શ્રીનૃસિંહના આશ્રયી પાપરહિત સાધકો શાંતિગૃહમાં પ્રવેશ કરે છે.

चित्तचाञ्चल्यमुद्दिश्य.

नित्यं नित्यं विहितविषये स्थापयन्तं स्ववृत्तिं
विक्षेपात्मा दशति चपलो वृश्चिको मन्दभाग्यम् ।
सोढुं पीडां दशनजनितां शक्तिहीनो जनोऽयम्
तस्माद्वैद्य त्वमसि शरणं कष्टहारिन् नृसिंह ॥ ३७ ॥

જ્યારે જ્યારે પ્રતિદિન ઉપદિષ્ટ ક્રિયામાં હું વૃત્તિને સ્થાપું છું ત્યારે ત્યારે વિક્ષેપરૂપ ચપલ વૃશ્ચિક આ દુર્ભાગી જીવને ડંખે છે; એ વૃશ્ચિકના ડંખની પીડા સહન કરવા મારામાં શક્તિ નથી, તેથી વૃશ્ચિકનું વિષ ઉતારવામાં કુશલ હે દુઃખહર નૃસિંહ વૈદ્ય ! આપ જ હવે શરણ છો.

कलापकम्.

सहस्ररश्मिं हृदयाम्बुजस्य
नेत्रोत्सवं पूर्णसुधांशुतुल्यम् ।
दिशाऽप्रमेयं समयानधीनं
शान्तिप्रदं चिद्घनमूर्तिमन्तम् ॥ ३८ ॥

હૃદયપદ્મને વિકસિત કરનાર સૂર્યરૂપ, પૂર્ણિમાના ચંદ્રની પેઠે નેત્રને આનંદ આપનારા, દિશાથી ન મપાય એવા, કાલને અધીન ન વર્તનારા, શાંતિને આપનારા, ચૈતન્યમયસ્વરૂપવાળા,

शान्त्या च सर्वेन्द्रियलौल्यनाशकम्
अज्ञानहालाहलपूगशोषकम् ।

कुर्वन्तमात्मन्यवधानतत्परम्
दलाष्टके मोहवशाद् भ्रमन्मनः ॥ ३९ ॥

શાંતિથી દશ ઇંદ્રિયના ચાંચલ્યનો નાશ કરનારા, અજ્ઞાનરૂપ વિષના સમૂહને શોષી લેનારા, મોહવશાત અષ્ટદલપદ્મની આસપાસ ભ્રમણ કરનાર મનને આત્મચિંતનમાં અનુસંહિત કરનારા,

सुश्लिष्टकर्मत्रयबन्धमोचकम्
ग्रन्थित्रयस्याप्यनिशं प्रभेदकम् ।
कुवासनावृक्षविदारणक्षमं
मुमुक्षुलभ्यं च कुठारमुत्तमम् ॥ ४० ॥

પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ-એ ત્રિવિધ કર્મોના દૃઢ બંધને છોડી નાંખનારા, બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિ-એ ત્રિવિધ ગાંઠને ભેદનારા, અને વાસનારૂપ દુષ્ટ વૃક્ષને ફાડવામાં કુશલ, મુમુક્ષુજનોએ મેળવવા યોગ્ય, સર્વશ્રેષ્ઠ કુહાડારૂપ,

मनःस्थसंकल्पविकल्पहारिणम्
अम्भो विरागद्रुमपुष्टिदायकम् ।
तृषार्तजातस्य सुतुष्टिकारिणम्
पीतं यथेष्टं पुनरप्यखंडितम् ॥ ४१ ॥

મનના સંકલ્પવિકલ્પરૂપ ધર્મનો નાશ કરનારા, વૈરાગ્યવૃક્ષને પોષણ આપનાર, તૃષાથી પીડિત મનુષ્યોને સંતોષ આપનાર, તથા યથેષ્ટ પીવાયા છતાં પણ ન ખૂટનાર જલરૂપ,

ज्वरादिपीडाहरणाय भेषजम्
लोभाद्यहीनां हननाय बर्हिणम् ।
विजृंभितोपाधिपतङ्गदीपकम्
ममत्वनिर्मुक्तमनस्विमङ्गलम् ॥ ४२ ॥

જ્વરાદિ વ્યાધિને નિવૃત્ત કરનાર ઔષધરૂપ, લોભાદિ સર્પનો નાશ કરનાર મયૂરરૂપ, પ્રફુલ્લ થયલા ઉપાધિરૂપ પતંગને દહન કરનાર દીપકરૂપ, મમત્વથી રહિત મહાત્માઓને મંગલરૂપ,

संभ्रान्तजीवाकरमोहमुद्गरम्
क्रोधारिसंवारणदक्षमर्गलम् ।
पिपासुसंतोषदपीनमम्बुदम्
नृसिंहदेवं परमं भजाम्यहम् ॥ ४३ ॥

જીવસમુદાયને ભ્રમિત કરનાર મોહને ચૂર્ણ કરવામાં મુદ્ગરરૂપ, ક્રોધાદિ ષડ્રિપુને રોકવામાં કુશલ આગળારૂપ, જ્ઞાનતરસ્યાને તૃપ્તિ આપનાર જલપૂર્ણ મેઘરૂપ, શ્રેષ્ઠ, શ્રીનૃસિંહ દેવને ભજું છું.

गीतिनवकम्.

पड्कल्लोलविहीनं वस्तुककुप्समयातीतं विशदम् ।
सत्ताप्रज्ञामुदितास्वरूपमनिशं नरसिंहं वन्दे ॥ ४४ ॥

છ ઊર્મિયોથી રહિત, દેશ, કાલ અને વસ્તુ– એ ત્રિપરિચ્છેદથી વર્જિત, તથા શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીનૃસિંહને નિરંતર વંદું છું.

कृपाकटाक्षकृपाणैस्त्रातारं रिपुषट्काद्वीरवरम् ।
सत्ताप्रज्ञामुदितास्वरूपमनिशं नरसिंहं वन्दे ॥ ४५ ॥

કૃપાકટાક્ષરૂપ તલવારવડે કામાદિ છ રિપુથી રક્ષણ કરનાર, શ્રેષ્ઠ યોદ્ધારૂપ સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીનૃસિંહને નિરંતર વંદું છું.

मनोमनीषाचित्ताहंकृतिरहितं हितं परं पुंसाम् ।
सत्ताप्रज्ञामुदितास्वरूपमनिशं नरसिंहं वन्दे ॥ ४६ ॥

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારથી રહિત, મનુષ્યના શ્રેષ્ઠ હિતનો વિષય, સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીનૃસિંહને નિરંતર વંદું છું.

चर्मेक्षणमर्यादादूरं चितिनयनासन्नं रत्नम् ।
सत्ताप्रज्ञामुदितास्वरूपमनिशं नरसिंहं वन्दे ॥ ४७ ॥

---

१ संमोहितो जीवनिकरो येन.

ચર્મચક્ષુની મર્યાદાથી દૂર અને જ્ઞાનચક્ષુના સમીપમાં આવેલા રત્નરૂપ સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીનૃસિંહને નિરંતર વંદું છું.

मन्दजठरशुचिवान्तं ग्रस्तं लोलुपलंपनैः पक्वान्नम् ।
सत्ताप्रज्ञामुदितास्वरूपमनिशं नरसिंहं वन्दे ॥ ४८ ॥

મન્દજઠરાગ્નિવાળા માણુસો જેને ઓકી કાઢે છે, પરંતુ ક્ષુધાવાળા લોકો જેના ગ્રાસ લયા જાય છે એવા બહુ કષ્ટે પચનાર પકવાન્નરૂપ સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીનૃસિંહને નિરંતર વંદું છું.

सुरैर्वित्ताढ्यक्रीतं त्यक्तं चासुरसंपद्भिः सुमणिम् ।
सत्ताप्रज्ञामुदितास्वरूपमनिशं नरसिंहं वन्दे ॥ ४९ ॥

દૈવીસંપત્તિસમન્વિત સાધકો જેને ખરીદે છે તથા આસુરીસંપત્તિવાળા લોકો જેને ત્યજી દે છે એવા રમણીયમણિરૂપ સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીનૃસિંહને નિરંતર વંદું છું.

जनुरस्तित्वारोहैर्विपरिणतिक्षतिमृतिभिर्निर्मुक्तम् ।
सत्ताप्रज्ञामुदितास्वरूपमनिशं नरसिंहं वन्दे ॥ ५० ॥

જન્મ, અસ્તિત્વ, વૃદ્ધિ, વિપરિણામ, અપક્ષય અને વિનાશ એ ષડ્વિકારથી રહિત સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીનૃસિંહને નિરંતર વંદું છું.

तापत्रयनिर्मुक्तं ज्ञप्तिसुधाब्धिं निशीथिनीनाथम् ।
सत्ताप्रज्ञामुदितास्वरूपमनिशं नरसिंहं वन्दे ॥ ५१ ॥

આધ્યાત્મિકઆદિ ત્રિતાપથી રહિત, જ્ઞાનામૃતથી પૂર્ણ ચંદ્રરૂપ સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીનૃસિંહને નિરંતર વંદું છું.

जीवस्वान्ताम्भोजे भान्तं ध्वान्तान्तकचिन्मयमर्कम् ।
सत्ताप्रज्ञामुदितास्वरूपमनिशं नरसिंहं वन्दे ॥ ५२ ॥

---

१ मंदजठराग्निभिर्दुर्बलसंस्कारैरित्यर्थः २ गृध्नुमुखैरुज्ज्वलसंस्कारैः ३ दैवी संपत्तिर्येषां तैर्गृहीतम्. ४ (१) जायते (२) अस्ति (३) (वर्धते (४) विपरिणमते (५) अपक्षीयते (६) विनश्यति—एभिः षड्विकारै रहितम्. ५ चन्द्रम्.

જીવોના હૃદયકમલમાં પ્રકાશતા, અજ્ઞાનાંધકારનો નાશ કરનાર જ્ઞાનભાનુરૂપ સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીનૃસિંહને નિરંતર વંદું છું.

भुजंगप्रयातम्

नमो निर्विकाराय सर्वातिगाय
नमो ज्ञानरूपाय पापान्तकाय ।
नमो विश्वकर्त्रे च भर्त्रे च हर्त्रे
नृसिंहाय देवाय भूयो नमस्ते ॥ ५३ ॥

વિકારરહિત, સર્વાતીત, જ્ઞાનસ્વરૂપ, પાપનાશક, વિશ્વના કર્તા, ભર્તા, તથા સંહર્તા આપ શ્રીનૃસિંહદેવને પુનઃ પુનઃ પ્રણામ.

नमो मोक्षदाय क्षमामूर्तये च
अविद्याक्षपाध्वान्तविध्वंसकाय ।
सुकायाय मायाकलत्राय तुभ्यं
नृसिंहाय मात्रे च पित्रे प्रणामः ॥ ५४ ॥

મોક્ષ આપનાર, ક્ષમાની પ્રતિમારૂપ, અવિદ્યારાત્રિના અંધકારનો નાશ કરનાર, સુંદરતનુવાળા, માયારૂપ અંગનાવાળા, માતાપિતારૂપ આપ શ્રીનૃસિંહને પ્રણામ.

अहंकारशून्याय शब्दातिगाय
सदा साक्षिभूताय भूतेश्वराय ।
उपाधिप्रमुक्ताय भक्तप्रियाय
नृसिंहाय देवाय भूयो नमस्ते ॥ ५५ ॥

અહંકારથી રહિત, શબ્દાતીત, સદા સાક્ષિસ્વરૂપ, પ્રાણિમાત્રના અધિપતિ, ઉપાધિવર્જિત, ભક્તપ્રિય આપ શ્રીનૃસિંહ દેવને પુનઃ પુનઃ પ્રણામ.

महाशक्तिचूर्णाय दीर्णास्मिताय[1]
कृताज्ञानसंपूर्णचूर्णाय सद्यः ।

---

१ दीर्णाऽस्मिता येन तस्मै.

चितौ गीर्णमोहान्धकारव्रजाय
नृसिंहाय देवाय भूयो नमस्ते ॥ ५६ ॥

મહામાયાથી વરાયલા, અસ્મિતાનું વિદારણ કરનારા, અજ્ઞાનનું ઝટ સંપૂર્ણ ચૂર્ણ કરનારા, જ્ઞાનપ્રકાશમાં મોહાંધકારના સમૂહને વિલીન કરનાર આપ શ્રીનૃસિંહ દેવને પુનઃ પુનઃ પ્રણામ.

प्रभोः पूजनं पादपद्मं तवैकं
प्रभोर्मंगला ध्यानमेकं च मूर्त्तिः ।
प्रभोर्भारती भास्वरा मुक्तिमूलं
नृसिंहाय राज्ञां च राज्ञे प्रणामः ॥ ५७ ॥

આપ પ્રભુના પાદપદ્મના પૂજનમાં બધું પૂજન શમાયલું છે, આપ પ્રભુની મંગલમયી મૂર્ત્તિના ધ્યાનમાં સમગ્ર ધ્યાનનો સમાવેશ થયેલો છે, આપ પ્રભુની ઉજ્વલ વાણી મુક્તિને આપનાર અનન્ય હેતુ છે; રાજાધિરાજ શ્રીનૃસિંહને પ્રણામ.

सचक्राय षट्चक्रमध्यस्थिताय
सपद्माय हृत्पद्ममध्योदिताय ।
सशंखाय शंकागदायौष्यजस्रं
नृसिंहाय देवाय भूयो नमस्ते ॥ ५८ ॥

ચક્રથી વિભૂષિત, તથા ષટ્ચક્રમાં નિવાસ કરનારા, પદ્મથી વિરાજમાન તથા હૃદયપદ્મમાં પ્રકાશમાન, શંખથી અલંકૃત તથા સંશયનું છેદન કરનારા આપ શ્રીનૃસિંહ દેવને નિરંતર પુનઃ પુનઃ પ્રણામ.

वरेण्यः शरण्यः सरण्यां गुरो ! त्वं
प्रभो ! त्वं प्रभामण्डलैर्मण्डितोऽसि ।
सदा दीनदासं दृशा पाहि हीनम्
नृसिंहाय देवाय भूयो नमस्ते ॥ ५९ ॥

---

१ शंकायाः संशयस्यासंभावनाविपरीतभावनारूपस्यागदायौषधाय । अनेन पदेनावशिष्टगदान्वितत्वमपि ध्वनितम् । २ प्रवाहरूपसंसारे ।

હે ગુરો! આ સંસારમાં આપ જ ઉત્તમ શરણુ છો, હે પ્રભો! પ્રકાશપરિવેષથી આપ શોભો છો; આ દીન તથા ક્ષુદ્ર દાસનું સદા રક્ષણુ કરોઃ આપ શ્રીનૃસિંહ દેવને પુનઃ પુનઃ પ્રણામ.

नगेशानजेशानमेशानवन्द्यो-
ऽनवद्यो नरैः किन्नरैः पूजितस्त्वम् ।
जितस्त्वं प्रभोऽजेय भक्तैः सुरक्तैः
नृसिंहेश्वरायास्तु भूयः प्रणामः ॥ ६० ॥

હિમાલયની પુત્રીના પતિ–શંભુ, તથા લક્ષ્મીપતિ–વિષ્ણુ, (તથા બ્રહ્મા,) આપને પૂજે છે; નિર્દોષ આપ નર તેમજ કિન્નરથી પૂજાઓ છો; આપ જિતાઓ એવા નથી તદપિ આપનામાં સુદૃઢપણે અનુસંહિતમતિવાળા ભક્તજનને આપ અધીન છોઃ ઈશ્વરસ્વરૂપ શ્રીનૃસિંહને પુનઃ પુનઃ પ્રણામ.

अभ्यर्थना

मत्वा स्त्रीं द्रविणं सुतं च वसतिं निर्वाणबन्धं प्रभो !
मुक्त्वा मोहमयं मनोरथजलं संसारमायार्णवम् ।
पीत्वाऽघौघविनाशचुञ्चु विमलं पादामृतं सद्गुरोः
सोहं सोहमिति प्रलप्य दिवसान् नेष्यामि नित्यं कदा ॥६१॥

હે પ્રભો! સ્ત્રી, ધન, પુત્ર, ગૃહઆદિમાં આસક્તિ મોક્ષમાં પ્રતિબંધરૂપ છે એમ જાણીને, મોહમય આશારૂપ જલવાળા, માયારચિત સંસારસાગરને છોડી, પાપપુંજનો ક્ષય કરવામાં સમર્થ એવું શ્રીસદ્ગુરુનું શુદ્ધ પાદામૃત પીને "सोहं सोहम्" એવા પ્રલાપ કરી દિવસને હું ક્યારે વીતાવીશ?

---

१ नगेशानजा पार्वती तस्या ईशानः शंकरो माया लक्ष्म्या ईशानो विष्णुस्ताभ्यां वन्द्यः । अस्मिन्नीशद्वये तृतीयस्येशस्य विधेरपि समावेशो ज्ञेयः । २ अनवद्यो निर्दोषः । ३ पापपुञ्जविनाशदक्षम्.